# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 29-01-2026** **Evening : 7.10 to 7.20 PM**
**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

---

1) નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં એક હજાર 371 કરોડ રૂપિયાથી વધુના રોકાણને મંજૂરી.
2) રાજ્યમાં S.I.R. પ્રક્રિયા હેઠળ ચૂંટણી પંચને નામ ઉમેરવા માટેના છ લાખથી વધુ ફોર્મ મળ્યા.
3) નવી દિલ્હીમાં પ્રજાસત્તાક દિવસ નિમિત્તે યોજાયેલી પરેડમાં ગુજરાતના ટેબ્લોએ સતત ચોથા વર્ષે પ્રથમ ક્રમાંક મેળવ્યો
4) અમદાવાદ ગુનાશાખા અને ATS-એ બાળકની તસ્કરી કરનારા ચાર આરોપીની ધરપકડ કરી
5) રાજ્યમાં આગામી 48 કલાકમાં ઠંડી ઘટવાની આગાહી.
6) WPL ક્રિકેટમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ અને યુપી વૉરિયર્ઝ વચ્ચે વડોદરામાં મુકાબલો.

---------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# HARSH SANGHAVI ROKAN

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં એક હજાર 371 કરોડ રૂપિયાથી વધુના રોકાણને મંજૂરી અપાઈ છે. ગાંધીનગરમાં યોજાયેલી ઉચ્ચસ્તરીય સમિતિની બેઠકમાં મોટા ઉદ્યોગો માટેના નિર્ણયો પણ લેવાયા. તેમાં 'આત્માનિર્ભર ગુજરાત-૨૦૨૨' યોજના હેઠળ ભરૂચમાં રસાયણ ક્ષેત્રમાં 491 કરોડ રૂપિયાથી વધુ, હિમ્મતનગરમાં ખાદ્ય અને કૃષિ ક્ષેત્રમાં 402 કરોડ રૂપિયાથી વધુ અને વડોદરામાં ખનિજ ક્ષેત્રમાં 478 કરોડ રૂપિયાથી વધુના મૂડી રોકાણને પ્રોત્સાહક સહાય માટે મંજૂરી અપાઈ છે.

ઑનલાઈન મૉડ્યુલથી 'ફિઝિકલ ટચ પૉઈન્ટ' નિવારવાના રાજ્ય સરકારના અભિગમને પરિણામે અરજીઓનો નિકાલ અત્યંત ઝડપી અને પારદર્શી બન્યો છે. લાર્જ અને થર્સ્ટ ક્ષેત્રની આ અરજીઓ પર બે મહિનાથી પણ ઓછા સમયમાં કાર્યવાહી પૂર્ણ કરી મંજૂરી અપાઈ છે. તેમજ મંજૂર થયેલા એકમોને નેટ SGST, વ્યાજ સહાય અને EPF રિએમ્બર્સમેન્ટ જેવા લાભ મળવાપાત્ર થશે, તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

. . . . . . . . . . . .

# DyCM FM MEETING

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને નાણામંત્રી કનુ દેસાઈ સાથે રાજ્યની મહાનગરપાલિકાઓના અધિકારીઓ અને પદાધિકારીઓની બેઠક પૂર્ણ થઈ. તેમાં વિકાસકાર્યોની ગુણવત્તા સામે કોઈ બાંધછોડ ન ચલાવવા સૂચના અપાઈ છે. નાયબ મુખ્યમંત્રી અને નાણામંત્રીએ વિકાસકાર્યોમાં ગુણવતા જળવાય તે માટે અધિકારીઓને તાકીદ કરી છે.

તેમજ શહેરોના ફળવાયેલા અંદાજપત્ર અને વિકાસકાર્ય ઝડપથી પૂર્ણ કરવા પણ નિર્દેશ અપાયા છે. હવે મુખ્યમંત્રીના નિવાસસ્થાને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આ અધિકારીઓ સાથે બેઠક કરશે.

. . . . . . . . .

# GUJARAT SIR DATA

ચૂંટણી પંચે મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા – S.I.R. પ્રક્રિયા હેઠળ કરાયેલી કામગીરીની વિગતો જાહેર કરી છે. અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે, ચૂંટણી પંચને 28 જાન્યુઆરી સુધીમાં મતદાર યાદીમાંથી નામ કમી કરવા નવ લાખ 88 હજાર 621 ફૉર્મ-7 મળ્યા છે. જ્યારે યાદીમાં નામ ઉમેરવાના છ લાખ 88 હજાર 116 ફૉર્મ-6 અને 6- A મળ્યા છે. ચૂંટણી અધિકારી દ્વારા વાંધાઓની સત્યતા ચકાસી નિકાલ કરાશે.

મતદારો મતદાર યાદીમાં પોતાના નામ સમાવવા કે બાકાત થવા સંબંધિત વાંધા કે દાવા આવતીકાલે 30 જાન્યુઆરી સુધીમાં રજૂ કરી શકશે.

. . . . . . . . . . . .

# CM VARIOUS DISTRICT VISIT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે સાસણગીરમાં ગીર જંગલ સફારીની મુલાકાત લઈ સિંહ દર્શન કર્યા. શ્રી પટેલે ખુલ્લી જીપમાં સવાર થઈ જંગલ સફારીનો નજારો માણ્યો. તેમણે ગીરમાં સિંહના સંવર્ધન માટેની બહુસ્તરીય કામગીરીની માહિતી મેળવી વનકર્મીઓને પ્રોત્સાહિત પણ કર્યા. ત્યારબાદ તેમણે ગીર સફારીમાં કેરમ્ભા થાણા વિસ્તારની મુલાકાત લઈ જુદાજુદા બે વિસ્તારમાં સિંહ નિહાળ્યા.

ત્યારબાદ શ્રી પટેલે સાસણગીરમાં વનકર્મીઓ માટેના 183 જેટલા વાહનોનું પ્રસ્થાન કરાવ્યું. આ વાહનો વનસંપદા અને વન્યજીવ સૃષ્ટિમાં સમૃદ્ધ ગુજરાતમાં વન્ય પ્રાણી સંરક્ષણ, સંવર્ધન, બચાવ અને પુનર્વસવાટની વિવિધ કામગીરી માટે ફિલ્ડમાં ફરજ બજાવતા વનકર્મીઓને ચોક્કસ પ્રકારની સુવિધાથી સજ્જ છે. મુખ્યમંત્રીએ વન વિભાગના બચાવ કેન્દ્રની પણ મુલાકાત લીધી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દેવભૂમિદ્વારકામાં સુપ્રસિદ્ધ જગતમંદિરમાં દર્શન-અર્ચન કરીને રાજ્યના સર્વાંગી કલ્યાણની પ્રાર્થના કરી. દ્વારકાથી શ્રી પટેલ જામનગર વિમાનમથક પહોંચતા મહાનુભાવો દ્વારા તેમનું સ્વાગત કરાયું હતું.

. . . . . . . . . .

# 112 EMRI SEVA

રાજ્યના પ્રભારી પોલીસ વડા – DGP ડૉક્ટર કે. એલ. એન. રાવે કહ્યું , 112 ઇમરજન્સી સેવાની ટૅક્નોલૉજી અને તેની કામગીરીની દર મહિને સમીક્ષા કરાશે. અમદાવાદમાં ઉચ્ચ પોલીસ અધિકારીઓ સાથે અત્યાધુનિક 112 ઇમરજન્સી રિસ્પૉન્સ સેન્ટર – આકસ્મિક પ્રતિભાવ કેન્દ્રની મુલાકાત દરમિયાન શ્રી રાવે આ વાત કહી. પ્રભારી DGP-એ ડેટા ઍનાલિટિક્સ એટલે કે, માહિતીઓના વિશ્લેષણના ઉપયોગ થકી ઇમરજન્સીમાં મદદ પહોંચાડવાનો સમય ઘટાડીને 10 મિનિટથી પણ ઓછો કરવા સૂચન આપ્યું.

ઉલ્લેખનીય છે કે, 112 ઇમરજન્સી સેવા હેઠળ ગત ચાર મહિનામાં ત્રણ લાખ 82 હજારથી વધુ ઇમરજન્સી કેસ ઍટેન્ડ કરાયા. જ્યારે આ મહિનામાં ઇમરજન્સી કેસનો સરેરાશ પ્રતિભાવ સમય 11 મિનિટ 56 સેકેન્ડનો રહ્યો છે.

. . . . . . . . . . . . .

# GUJ TABLEAU FIRST NUMBER

નવી દિલ્હીના કર્તવ્ય પથ પર 77-મા પ્રજાસત્તાક દિવસ નિમિત્તે યોજાયેલી પરેડમાં ગુજરાતના ટૅબ્લોએ ઇતિહાસ સર્જ્યો છે. ગુજરાતના ટૅબ્લોએ “પૉપ્યુલર ચૉઇસ ઍવોર્ડ ” શ્રેણીમાં સતત ચોથા વર્ષે પ્રથમ ક્રમાંક મેળવ્યો છે. અગાઉ વર્ષ 2023, 2024 અને 2025માં એમ સળંગ ત્રણ વર્ષ ગુજરાતના ટેબ્લો આ જ શ્રેણીમાં પ્રથમ પુરસ્કાર મેળવી ચૂક્યા છે.

ઉલ્લેખનીય છે કે , રાષ્ટ્રીય પરેડમાં ગુજરાતના ‘સ્વતંત્રતા કા મંત્રઃ વંદે માતરમ્’ વિષયવસ્તુ આધારિત ટૅબ્લોએ ભારે ઉત્સુકતા અને આકર્ષણ જમાવ્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે માહિતી કમિશનર કચેરી દ્વારા તૈયાર કરાતા ગુજરાતના ટૅબ્લો અંગે જણાવ્યું હતું કે , રાષ્ટ્રભક્તિની સાથે રાજ્યના સ્વાતંત્ર્ય વીરોના યોગદાનને ઉજાગર કરતા ગુજરાતના ટૅબ્લોને લોકોએ ઘણો પસંદ કર્યો હતો.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# AMDAVAD HUMAN TRAFFICKING

અમદાવાદ ગુનાશાખા અને ગુજરાત આતંકવાદ વિરોધી દળ – ATSએ બાળકની તસ્કરી કરનારા ચાર આરોપીની ધરપકડ કરી છે. બંને ટુકડીએ વિમાનમથકના કોતરપુર પાસે હિમ્મતનગરથી આવતી એક ગાડીને રોકી તપાસ કરતાં તેમાંથી નવજાત બાળક મળી આવ્યું હતું. ત્યારબાદ પોલીસે ગાડીના ચાલક સહિત ચાર લોકોને પકડીને તપાસ કરતા આરોપીઓ આ બાળકને હિમ્મતનગરથી લાવ્યા હોવાનું જણાયું હતું. આ અંગે ગુનાશાખાના ACP ભરત પટેલે વધુ માહિતી આપી.

(BYTE: BHARAT PATEL, ACP, CRIME BRANCH)

. . . . . . . . . . . . .

# MARI TICKET MARI SHAN

પશ્ચિમ રેલવેના તમામ મંડળમાં આગામી છ ફેબ્રુઆરી સુધી "મારી ટિકિટ મારી શાન – વિકસિત ભારત માટે મારું યોગદાન" નામનું વિશેષ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. મંડળ રેલવે પ્રબંધક દિનેશ વર્માએ ભાવનગર ટર્મિનસ મથક પરથી ગઈકાલથી આ અભિયાનનો પ્રારંભ કરાવ્યો. આ અંગે તેમણે મુસાફરોને રેલવન એપ, ATVM અથવા બુકિંગ કાઉન્ટર પરથી ટિકિટ લઈને જ મુસાફરી કરવા અપીલ કરી છે.

જ્યારે વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક અતુલકુમાર ત્રિપાઠીએ કહ્યું, આ અભિયાન અંતર્ગત વિવિધ જાગૃતિ કાર્યક્રમ યોજાશે. ભાવનગર મંડળના મુખ્ય ત્રણ મથક ભાવનગર ટર્મિનસ, વેરાવળ અને જુનાગઢ પર આ અભિયાન વિશેષ રીતે ચલાવાશે.

ઉલ્લેખનીય છે કે, ટ્રેનના પ્રવાસીઓમાં ટિકિટ ખરીદી અંગે જાગૃતિ વધારવાના હેતુસર આ અભિયાન ચાલી રહ્યું છે.

. . . . . . . . . . . . .

# AMDAVAD TRAIN TIME

પશ્ચિમ રેલવે દ્વારા અમદાવાદ મંડળની ત્રણ ટ્રેનના સમયમાં પહેલી ફેબ્રુઆરીથી આંશિક ફેરફાર કરાયો છે. તે મુજબ , સાબરમતી—જોધપુર વંદે ભારત એક્સપ્રેસ સાબરમતીથી બપોરે 4 :45 મિનિટની જગ્યાએ 4 :55 મિનિટે ઉપડશે. જ્યારે સાબરમતી —આગ્રા કૅન્ટ એક્સપ્રેસ સાબરમતી —ગ્વાલિયર એક્સપ્રેસ ટ્રેન સપ્તાહમાં ચાર દિવસ સાબરમતીથી સાંજે પાંચ વાગ્યે ઉપડશે. તો , સાબરમતી—મહેસાણા ડેમુ સાબરમતીથી સાંજે 5:10 મિનિટે ઉપડશે.

ટ્રેનોની ગતિમાં વધારો કરવા તથા સમયપાલનને વધુ સુધારવાના હેતુથી આ ફેરફાર કરાયો હોવાનું પશ્ચિમ રેલવે દ્વારા જણાવાયું છે.

. . . . . . . . . . . . .

# WEATHER FORECAST

રાજ્યમાં આગામી 48 કલાકમાં ઠંડીમાં ઘટાડો થવાની શક્યતા છે. હવામાન વિભાગના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું કે , 48 કલાક બાદ ત્રણ દિવસ તાપમાનમાં ઘટાડો થવાથી ઠંડી વધી શકે છે. હાલ સાત ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે કચ્છનું નલિયા સૌથી ઠંડું શહેર રહ્યું છે. બીજી તરફ , પવનની ગતિ તેજ હોવાના કારણે માછીમારોને દરિયો ન ખેડવા પણ સૂચના અપાઈ હોવાનું શ્રી દાસે ઉંમેર્યું.

(BYTE: DR. A. K. DAS, DIRECTOR, IMD AHMEDABAD)

. . . . . . . . . . . . .

# WPL CRICKET VADODARA

મહિલાઓની પ્રીમિયર લીગ – WPL ટી-20 ક્રિકેટમાં આજે રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ અને યુપી વૉરિયર્ઝ વચ્ચે મુકાબલો થશે. વડોદરામાં કોટમ્બીના BCA સ્ટૅડિયમમાં હમણાં 7.30 વાગ્યે આ 18-મી મૅચ શરૂ થશે.

મળતી માહિતી મુજબ, સ્મૃતિ મંધાનાની આગેવાની હેઠળની બેંગ્લુરુની ટીમે ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય કર્યો છે. હાલ પૉઈન્ટ ટેબલ પર બેંગ્લુરુની ટીમ પહેલા અને યુપીની ટીમ પાંચમા ક્રમાંકે છે.

. . . . . . . . . . . . .

# SK PASHU VITARAN

સાબરકાંઠામાં ‘સંકલિત ડેરી વિકાસ યોજના’ હેઠળ ગત ત્રણ વર્ષમાં બે કરોડ 31 લાખ રૂપિયાના ખર્ચે 604 લાભાર્થીને દૂધાળા પશુઓનું વિતરણ કરાયું. તે મુજબ ખેડબ્રહ્માના ઉમ્બોરાનાં લીલાબેનને દૂધાળી ભેંસ મળી છે. આ અંગે પોતાનો અનુભવ જણાવતાં લીલાબેને કહ્યું , સરકારની આ સહાયથી તેમના બાળકોને પૌષ્ટિક દૂધ મળી રહે છે તેમજ વધારાનું દૂધ તેઓ ડેરીમાં ભરાવી રહ્યાં છે.

(BYTE: LILABEN)

. . . . . . . . . . . . .